Sandesh

EDII

August 19, 2020
Pg. No.14

### ઉપરાષ્ટ્રપતિએ ઈનોવેશનના રેન્કિંગ જાહેર કર્યા

# અટલ રેન્કિંગમાં GTUને પાંચમું આણંદ યુનિવર્સિટીને ચોથું સ્થાન

। અમદાવાદ ।

એમએચઆરડીના ઈનોવેશન સેલ દ્વારા સ્ટાર્ટઅપ, ઈનોવેશન, એન્ટરપ્રિન્યોરશિપ અને આઈપીઆર જેવી વિવિધ પ્રવૃત્તિને વેગ મળે તે હેતુથી ૨૦૧૯થી અટલ રેન્કિંગ ઑફ ઈન્સ્ટિટ્યૂશન ઓન ઈનોવેશન એચીવમેન્ટ એવોર્ડ 'એરિયા' આપવાની શરૂઆત કરી છે. વર્ષ-૨૦૨૦ના 'એરીયા રેન્કિંગ'ની જાહેરાત આજે દેશના ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ દ્વારા કરવામાં આવી છે. જેમાં યુનિવર્સિટી કેટેગરીમાં જીટીયુએ સમગ્ર દેશમાં પાંચમું સ્થાન અને આણંદ એગ્રિકલ્ચર યુનિવર્સિટીને ચોથું સ્થાન મળ્યું છે. એરીયા રેન્કિંગમાં ગાંધીનગર આઈઆઈટીને ૯મું, નાઈપરને ૧૪મું સ્થાન મળ્યું છે. ગુજરાત યુનિવર્સિટીને ૭મું સ્થાન મળ્યું છે. તે સિવાય અમદાવાદની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજ, સાલ એન્જિનિયરિંગ કોલેજ, પીડીપીયુ, ધન્વંતરી ફાર્મસી કોલેજ, પારૂલ યુનિવર્સિટી, આર.કે. યુનિવર્સિટી, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી, ઈડીઆઈને પણ સ્થાન મળ્યું છે.